# માતૃહૃદયી, કરુણામૂર્તિ સદ્ગુરુ સંત પ.પૂ. પૂનમદાદાને કોટાનુકોટિ વંદના !

**સદ્ગુરુ** સંત પરમ પૂજ્ય પૂનમદાદા એટલે કોમળ હૃદયધારક પ્રેમ નીતરતું દિવ્ય સ્વરૂપ, મહિમાવંત ઓલિયા પુરુષ અને આદર્શ કર્મયોગી! સંતભગવંત સાહેબજીના અષ્ટસખા પૈકીના તેઓ અનુપમ સાધુ અને સૌને પૂનમના ચંદ્રશી શીતળતા પમાડનાર બ્રાહ્મીસ્થિતિને ધારક અનુપમ મિશનના સદ્ગુરુ સંત! જેમના મુખારવિંદ પર સદાય સ્મિત મલકે, વાણીમાં સદાય આનંદ અને માહાત્મ્ય રેલાય, વર્તનમાં વિવેક ભારોભાર છલકે, વિચારમાં સદૈવ યોગીસ્વરૂપ સંતભગવંત સાહેબજી જ રમે તેવા સદ્ગુરુ સંત પૂ. પૂનમદાદાની સ્થૂળ વિદાય કોઈ કાળે, કોઈ પણ પરિસ્થિતિમાં પૂર્ણવિરામ નથી. માનવરૂપે દેહભાવથી પર રહી બ્રહ્મભાવ થવાના બોધરૂપ અધ્યાયનો આરંભ છે.

આવા દિવ્ય સદ્ગુરુ સંત પૂ. પૂનમદાદાનું પ્રાગટ્ય ગુજરાતના આણંદ જિલ્લાના આશીપુરા ગામે ૫ નવેમ્બર ૧૯૪૧ના રોજ થયું હતું. તે પવિત્ર દિવસ દેવદિવાળી, એટલે કે કાર્તિક સુદ પૂર્ણિમાનો હતો. પૂનમના દિવસે પ્રગટ્યા એટલે માતા પૂ. ડાહીબા અને પિતાશ્રી પૂ. હરમાનભાઈએ તેઓનું નામ પૂનમ પાડ્યું ! શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓએ વલ્લભવિદ્યાનગરની વી. પી. સાયન્સ કૉલેજમાં બોટોની વિષયમાં બી.એસસી.ના અભ્યાસનો આરંભ કર્યો. અહીં તેઓનો મેળાપ સાથીમિત્ર પૂ. હર્ષદદાદા સાથે થયો. પૂ. હર્ષદદાદા થકી પ.પૂ. સાહેબદાદાનાં પ્રથમ દર્શન થયાં અને તે દર્શને જ સાહેબદાદા જીવમાં બિરાજી ગયા. પૂ. હર્ષદદાદા સાથે ઐતિહાસિક ગુરુસભામાં જોડાયા ને પછી તો દોર ચાલુ થયો સેવાનો, ગુરુભક્તિનો અને એક અકલ્પનીય જીવન સમર્પણનો!

આ દરમિયાન યોગીબાપા પુરુષોત્તમપુરા પધારેલા માટે તેઓનાં દર્શનાર્થે પ.પૂ. સાહેબદાદા સાથે પૂ. પૂનમદાદા પણ પધાર્યા. ત્યારે જ યોગીબાપાએ વર્તમાન ધરાવ્યા ને પોતાના જાણી આજ્ઞા કરી કે, 'કહો ગુરુ! સાધુ થશો?' પૂ. પૂનમદાદા પરણેલા હતા માટે પ્રામાણિકતા સાથે નિષ્કપટભાવે તેઓએ પ્રત્યુત્તર કર્યો કે, 'બાપા ! હું પરણ્યો છું.' તરત જ યોગીબાપા બોલ્યા, 'ગુરુ ! નિષ્કુળાનંદ સ્વામી પણ પરણ્યા હતા પણ સાધુ થયા. માટે કહો કે, સાધુ થઈશ !' યોગીબાપાના પ્રેમથી વિંધાયેલ પૂ. પૂનમદાદાએ તરત જ સાધુ થવાનું વચન આપ્યું. અને યોગીબાપાના આશીર્વાદથી નિષ્કુળાનંદ સ્વામીની જેમ જ પૂ. પૂનમદાદા તો સાધુ થયા પણ તેઓના બંને પુત્રો પૂ. નરેન્દ્રદાસ અને પૂ. મૂકેશદાસ પણ સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે સાધુ થયા. વળી, આ અલૌકિક સમર્પણમાં તેઓનાં ધર્મપત્ની પૂ. ચંપાબાએ પણ અદ્ભુત સહકાર આપ્યો. ઘર છોડી આશ્રમજીવન જીવવા પૂ. પૂનમદાદા જ્યારે સંતો સાથે આવ્યા ત્યારે બંને સંતાનોને પૂ. ચંપાબાએ સાચવ્યા ને સમય આવ્યો ત્યારે પ્રભુની સેવામાં સમર્પિત કર્યા. સાહેબદાદામાં પ્રભુના ભાવે જોડાઈ જવાની આ દિવ્ય યાત્રામાં પૂ. યોગીબાપા અને પૂ. કાકાજી, પૂ. પપ્પાજી, પૂ. સોનાબાએ મહામૂલો ભાગ ભજવ્યો.

ઈ.સ. ૧૯૭૦ના જૂન માસમાં સ્વાશ્રયી કર્મયોગી સાધનાના ભાગરૂપે પૂ. પપ્પાજીનાં માર્ગદર્શને પૂ. સાહેબદાદાના નેતૃત્વે અનુપમ મિશનના સૌ સંતોના જીવનનિર્વાહ અને સ્વાવલંબન માટે ઍડહેસિવ બનાવવાની ફૅક્ટરી સ્થપાઈ. પૂ. ડૉ. વી. એસ. પટેલસાહેબનું ટૅક્નિકલ માર્ગદર્શન, પૂ. ડૉ. સનંદભાઈનું પ્રૉડક્શન વિભાગ અને બૉટોની ભણેલા પૂ. પૂનમદાદાને સોંપાયો સૅલ્સ વિભાગ ! ભણતર કરતાં જુદા જ ક્ષેત્રની સેવા સોંપાઈ ત્યારે પણ પૂ. પૂનમદાદાને પૂ. સાહેબદાદાને રાજી કરવાનો અદમ્ય ઉત્સાહ અને ઉમંગ ! તે માટે મુંબઈ જઈને અભ્યાસ કર્યો, ત્યાંની જુદી જુદી કંપનીઓમાં જઈને અનુભવ મેળવ્યો. તે દરમિયાન તારદેવ મંદિરે રહી પ.પૂ. કાકાજીનો ખૂબ સમાગમ કર્યો ને સેવાઓ કરી. તેના ફળ સ્વરૂપે ખૂબ બળ પ્રાપ્ત થયું.

ફૅક્ટરીનું રૉ મટિરિયલ દક્ષિણ ભારતથી ખરીદાતું, ખાસ કરીને સેલમથી! માટે પૂ. પૂનમદાદાને ત્યાં ઘણીવખત જવાનું થતું. ત્યાં રણછોડભાઈ સાથે પૂ. સાહેબદાદાએ સંબંધ કરાવી આપેલો માટે પૂ. પૂનમદાદા ફૅક્ટરીનું કામ તો કરે જ, સાથે ભગવાનના મહિમાને પ્રસરાવવાનું કામ પણ ખૂબ કરે. તેના જ ફળ સ્વરૂપે આજે દક્ષિણ ભારતમાં હૈદરાબાદ, તેલંગાના, તમિલનાડુ, કર્ણાટક આદિ રાજ્યોમાં અનુપમ મિશનનો સત્સંગ વિકસ્યો ને વિસ્તર્યો છે. તેનું કારણ હતું પૂ. પૂનમદાદાનો પ્રેમલ સાધુ-સ્વભાવ અને કરુણાસભર વર્તન!

ફૅક્ટરીમાં કર્મયોગ કરતા સૌ સંતો, અન્ય કર્મચારી સભ્યો, વેપારીઓ, પગારદાર મજૂર આદિ સૌ સાથે પૂ. પૂનમદાદા ભગવાનના ભાવે જ વર્તન અને વ્યવહાર! સંસ્થામાં કશો બગાડ ન થાય અને કરકસરભાવે સદુપયોગ થાય તેવી ચીવટતા ! માલિકીભાવ નહીં, કેવળ દાસભાવ! વિશેષ તો સાથીદાર સંતો કે, જેઓ ઉંમર અને અનુભવમાં ઘણા નાના હોય તેઓ સાથે પણ તેઓને નિર્દોષ માની, ભગવદ્ વ્યવહાર અને આત્મીયતાસભર વર્તન એ અવર્ણનીય છે !

પૂ. પૂનમદાદાની સંબંધ આપવાની રીત ન્યારી હતી. તેઓ બાળકો સાથે નાચે, યુવતીઓને પ્રેમથી પોષે, યુવાનોને બળ ને ગૃહસ્થોને હૂંફ આપે. જે સંબંધમાં આવ્યો તેના કલ્યાણ અર્થે સતત પ્રાર્થના કરે, જતન કરે. કેમ કરીને જીવ સાહેબદાદાના સ્વરૂપને ઓળખી જીવતર ધન્ય કરે તે માટે જ ભજન કરે.

પૂ. પૂનમદાદા દરરોજ સવાર-સાંજની આરતીમાં તેઓ અચૂક હાજર રહે. સાંજની સભામાં પણ ઉપસ્થિત. પુરાણી કે ભજનિક ના હોય તો સ્વયં શાસ્ત્રોનાં પઠન કરે, ઉપદેશ કરે, ભજન પણ ગાય. સંતભગવંત સાહેબજીએ વર્ષો પહેલાં આરતી અને નિત્ય સભાની આજ્ઞા કરેલી તે અંતિમ શ્વાસ સુધી પાળી.

પૂ. પૂનમદાદા ૮૦ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ યુવાન જેવા જોશ અને ઉમંગે ફૅક્ટરીની સેવામાં પ્રવૃત્ત રહ્યા. બીમાર થયા તે દિવસ સુધી ફૅક્ટરીમાં જઈ ભક્તિ અદા કરી. એક અઠવાડિયા જેટલી ખૂબ ટૂંકી બીમારી ગ્રહણ કરી અક્ષરધામ સિધાવ્યા. આખું જીવન ગુરુમાં ઓતપ્રોત થઈને જ પૂ. પૂનમદાદા જીવ્યા. પોતાના અસ્તિત્વથી સર્વત્ર સંતભગવંત સાહેબજીને પ્રગટાવ્યા ! ◆